આકાશવાણી, અમદાવાદ

25-05-2025 Midday: 2.30 to 2.35 pm

Sunday Regional News

## PM-MANN KI BAAT

મન કી બાત કાર્યક્રમની 122 મી કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂરમાં ભારતીયે સૈન્યની કામગીરીની પ્રશંસા કરી. તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓને પાઠ ભણાવીને ભારતીય સૈન્યએ દરેક હિન્દુસ્તાનીનું માથુ ઉંચુ કરી દીધુ છે.. ઓપરેશન સિંદૂરને કેવળ એક સૈન્ય અભિયાન નહીં પરંતુ દેશના સંકલ્પ, સાહસ અને બદલતા ભારતની તસ્વીર તરીકે તેમણે વર્ણવી હતી.

કાર્યક્રમમાં શ્રી મોદીએ ગુજરાતના ગીરમાં થયેલી સિંહોની વસતિ ગણત્રીને ઉત્સાહ વધારનારી ગણાવતા તેમણે કહ્યું 35 હજાર ચોરસ કિલોમીટરના વિસ્તારના 11 જિલ્લાઓમાં સિંહોની ગણતરી કરવામાં આવી હતી.

## PM-GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ આવતીકાલે દાહોદમાં એક લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે અને એક ઈલેક્ટ્રિક લોકોમોટિવને પણ લીલી ઝંડી આપશે. તેઓ દાહોદમાં લગભગ 24,000 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે. શ્રી મોદી વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશનો વચ્ચે એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ ગેજ રૂપાંતરિત કટોસણ-કલોલ સેક્શનનું પણ ઉદ્ઘાટન કરશે અને આ ટ્રેક પર એક માલગાડીને લીલી ઝંડી આપશે.

બાદમાં, તેઓ ભુજમાં 53 હજાર 400 કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

બીજા દિવસે, પ્રધાનમંત્રી ગુજરાત શહેરી વિકાસ ગાથાના 20 વર્ષની ઉજવણીમાં ભાગ લેશે અને ગાંધીનગરમાં શહેરી વિકાસ વર્ષ 2025નો પ્રારંભ કરાવશે.

. . . . . . . . . . . . . . .

## BY ELECTION

રાજ્યની ખાલી પડેલી બે વિધાનસભા બેઠકો, કડી અને વિસાવદર માટે પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. કેન્દ્રીય ચૂંટણી પંચની સત્તાવાર યાદી મુજબ આ બંને બેઠકો પર 19 જૂનના રોજ મતદાન થશે. જ્યારે 23 જૂને મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પ્રક્રિયા માટે 26 મે થી ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થશે. જ્યારે 2 જી જૂન ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે.
ઉલ્લેખનીય છે કે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપત ભાયાણીનું રાજીનામું અને કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.

. . . . . . . . . .

## Cycling

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એવરી સન્ડે ઓન સાયકલિંગનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજે યોજાયેલી સાયકલિંગમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ, રમત-ગમત વિભાગ ના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. આ સાથે મોટી સંખ્યામાં નગરજનો તેમજ મહિલાઓ જોડાઈ હતી.. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત સાયકલિંગનું આયોજન કરવાની અપીલ કરી છે.

. . . . . . . . . .

## Comprehensive disease diagnosis camp

સુરેન્દ્રનગરની મહાત્મા ગાંધી સરકારી હોસ્પિટલ ખાતે આજે વિનામૂલ્યે સર્વરોગ નિદાન મેગા કેમ્પ યોજવામાં આવ્યો હતો. એઈમ્સ હોસ્પિટલ રાજકોટના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં આંખ, ચામડી, સર્જરી, હૃદય, હાડકા, સ્ત્રી રોગ, બાળ રોગ, ફેફસા, કાન નાક ગળા, બિનચેપી રોગ સહિત વિવિધ વિભાગોના ડોક્ટરોએ દર્દીઓને તપાસી નિદાન કર્યું હતું. અહી બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લેબોરેટરી ટેસ્ટ તેમજ એક્સ રે ની સેવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, સાંસદ, ધારાસભ્ય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . .

## IPL CRICKET

ઈન્ડિયન પ્રીમિયર લીગ IPLમાં આજે અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાશે. બપોરે સાડા ત્રણ વાગ્યે મેચ શરૂ થશે. બંને ટીમ આ સિઝનમાં પહેલીવાર ટકરાશે. ગુજરાતની ટીમ હાલમાં પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર છે. આ મેચ ગુજરાત ટાઈટન્સની અંતિમ લીગ મેચ છે. અન્ય એક મુકાબલામાં સાંજે સાડા વાગ્યે સનરાઈઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાશે.

. . . . . . . . . . .